**'સી' સમરી નં. ૪૫/૨૦૨૧**

<u>આંક : ૧ લગત હુકમ</u>

૧. આ કામના ફરીયાદી દક્ષાબેન રાજેશભાઈ ભાવસારે પાલડી પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નં. ૯૦–૨૦૧૯થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩ અન્વયેની ફરીયાદ આપેલ, જે ફરીયાદ મુજબ વિકાસગૃહમાં રહેતી કિશોરી નામે સુમૈયા ઉર્ફે સુનિતા ડો/ઓફ હરેશભાઈ પટેલ તેણીને વિકાસગૃહમાં જોવા નહિં મળેલ અને નાસી ગયેલ હોવાનું જણાતા તેણીએ પોલીસમાં ઉપરોકત નંબરથી ફરીયાદ આપેલ તેમજ તે અંગેની સમાચાર પત્રોમાં જાહેરાત આપેલ, જેના સંદર્ભે પોલીસે બાળા સુમૈયાનું નિવેદન મેળવી આ કામે રજૂ કરેલ છે, જેમાં જણાવ્યા મુજબ પણ તેણીનું કોઈએ અપહરણ કરેલ નહિં, પરંતુ તેણી ફરીયાદીની સંસ્થામાં જાણ કર્યા સિવાય જતી રહેલ અને બાદમાં સમાચારપત્રોમાં તેણી જતી રહેલ હોવા અંગેની જાહેરાત વાંચતા તેણી હાજર થઈ ગયેલ અને તેથી ફરીયાદીની ફરીયાદ અંગેની તપાસના અંતે પાલડી પોલીસે તપાસ કરી 'સી' સમરી રીપોર્ટ ફાઈલ કરેલ છે, જે રીપોર્ટ ફરીયાદીની ફરીયાદથી વિપરીત હોઈ, ફરીયાદીને સાંભળવા જરુરી જણાતા અત્રેની કોર્ટે ફરીયાદીને નોટીસ ઈશ્યુ કરતા ફરીયાદી કોર્ટમાં તા. ૨૪–૧૧–૨૦૨૧ના રોજ હાજર થયેલ છે અને તેઓએ પોલીસ રીપોર્ટ સામે કોઈ વાંધો નહિં હોવાનો તેમજ તેઓ સદરહુ કેસ આગળ ચલાવવા માગતા નહિં હોવાનો શેરો કરી આપેલ છે. વધુમાં તેણીએ પોલીસ રીપોર્ટ હેઠળ એવો શેરો કરી આપેલ છે કે, ''સદરહુ બાળા તા. ૦૪–૧૨–૨૦૧૯ના રોજ પોલીસ સ્ટેશન દ્વારા સંસ્થામાં પરત આવી ગયેલ, બાળા સુનિતાને સંસ્થામાંથી ઓઢવ જવું હતું તેથી તેણીને ત્યાં ટ્રાન્સફર કરેલ, તેણીના લગ્ન પણ થઈ ગયેલ છે અને એક બેબી છે, તેણી સંસ્થામાં અવારનવાર જાય છે''. આમ, આ કામે કોઈ આક્ષેપિત ગુનો બનેલ હોવાનું જણાઈ આવતું નથી કે બાળા સુમૈયાનું કોઈ અપહરણ કરી લઈ ગયેલ હોવાનું જણાઈ આવતું નથી અને તેથી વર્ગ 'સી' ફાઈનલ સમરી રીપોર્ટ મંજુર કરવા પાત્ર થતો હોઈ, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

– :: આખરી હુકમ :: –

અમદાવાદ શહેર પાલડી પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ફર્સ્ટ ૯૦–૨૦૧૯ના કામે ફાઈલ કરવામાં આવેલ વર્ગ 'સી' સમરી આથી મંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૧મી માહે ડીસેમ્બર, સને ૨૦૨૧ના રોજ વાંચી, સંભળાવી સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

સ્થળ: અમદાવાદ.
તા. ૧૧–૧૨–૨૦૨૧

(એસ. એમ. ગોવાણી),
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૨, અમદાવાદ.
**GJ00918**